# ઉમરા તથા ખટોદરા પો.સ્ટે.માં નોંધાયેલ મોબાઈલ ચોરીના બે ગુનામાં સંડોવાયેલ બાળ કિશોરને મુદામાલ સાથે ઝડપી પાડતી સુરત શહેર એસ.ઓ.જી. ટીમ

સુરત શહેરમાં વણશોધાયેલ ગુન્હા શોધી કાઢવા એસ.ઓ.જી.ના પો.અધિકારી/કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન PC રાજેશભાઈ પિતામ્બરભાઈ નાઓને અંગત બાતમીદાર મારફતે બાતમી હકિકત મળેલ કે એક ઈસમ ચોરીના મોબાઈલ વેચવા માટે ઘોડદોડ રોડ એલ. બી. ટર્નિંગ પાસે ફરી રહેલ છે. તે બાતમી આધારે ઉપરોકત ટીમના માણસોએ વોચ ગોઠવી મોબાઈલ વેચવા માટે ફરી રહેલ બાળકિશોરને ઝડપી પાડી તેની પાસેથી એપલ આઇ ફોન-૬ કંપનીના બે મોબાઈલ ફોન તથા એક MI કંપનીનો મોબાઇલ ફોન મોડલ નં.2016100 મળી ત્રણ મોબાઈલ ફોન મળી આવતા સદર મોબાઈલ ફોન તથા તેના બિલ બાબતે તેની પુછપરછ કરતા તેણે જણાવેલ કે તે તથા તેનો મિત્ર અન્નો રહે.ભેસ્તાન આવાસ ડીંડોલી, સુરત વાળો સાથે મળીને રોડ ઉપર કોઈ મો.સા. લઈ જતા હોય તેની સાથે મો.સા. અથડાવવાનુ નાટક કરી તેની સાથે ઝઘડો કરી તે મો.સા.વાળાની નજર ચુકવી મોબાઈલ ફોન ચોરી કરતા અને તેની પાસેથી મળી આવેલ મોબાઈલ ફોન પૈકી એક મોબાઈલ ફોન બે દિવસ પહેલા ઘોડદોડ રોડ ઉપરથી તથા એક મોબાઈલ ફોન ભટાર ચાર રસ્તા પાસેથી આવી રીતે ચોરી કરેલાનુ જણાવતા. આ મોબાઈલ ચોરી બાબતે બન્ને પો.સ્ટે.માં ખાત્રી તપાસ કરાવતા (૧) ઉમરા પો.સ્ટે. I ગુ.ર.નં.૦૪/૨૦૧૯ IPC કલમ ૩૭૯,૧૧૪ મુજબ તથા ખટોદરા પો.સ્ટે. I ગુ.ર.નં.૦૩/૨૦૧૯ IPC કલમ ૩૭૯,૧૧૪ મુજબનો ગુન્હો દાખલ થયેલ હોય જે વણશોધાયેલ હોય જે શોધી કાઢી પ્રશંસનિય કામગીરી કરવામાં આવેલ છે.